# બાળકોની માંદગીમાં હોમીયોપેથીક સારવાર

હોમીયોપેથી બાળકો માટે એક આશીર્વાદરૂપ સારવાર પદ્ધતિ છે. બાળકોની તંદુરસ્તી માટે આપણે સહુ સજાગ રહેતા હોઈએ છીએ. જ્યારે કોઈ માંદગી આવે તો તરત એની સારવાર કરવા પ્રયત્ન કરીએ તથા એને દવાઓ આપતી વખતે સચેત રહીએ છીએ કે એ દવા બાળકને ફાયદો આપે તથા નુકસાન/ આડઅસર નહીં કરે. બાળકોની બધા જ પ્રકારની માંદગીઓ માટે હોમીયોપેથીમાં દવાઓ ઉપલબ્ધ છે અને હોમીયોપેથીક દવાઓના ઘણા બધા ફાયદાઓ છે. દા.ત. હોમીયોપેથીક દવાઓની આડ અસર નથી થતી; નવજાત બાળક (newborn) થી લઈ કોઈ પણ ઉંમરના બાળકને હોમીયોપેથીક દવા આપી શકાય છે; Pregnant બહેનોને પણ હોમીયોપેથીક દવાઓ આપી શકાય છે; હોમીયોપેથીક દવાઓ સ્વાદમાં મીઠી (sweet) હોય છે એટલે બધા બાળકોને બહુ ગમે છે અને દવા લેવાનો સમય બાળકો પોતે યાદ રાખતા હોય છે; વગેરે, વગેરે.

બાળકોની માંદગીઓ દા.ત. - શરદી, ખાંસી, bronchitis, tonsillitis, adenoids, તાવ, flu, eczema (ખરજવું), શ્વાસ ચઢવો (દમ, asthma), પેટનો દુખાવો (colic) viral infection, મોં આવવું (મોંમાં ચાંદા પડવા, apthae), ઝાડા (diarohoea), ઉલટી (nausea), કબજીયાત (constipation), દાંત આવવા (teething), બોલતા મોડુ શીખવું (late learing to talk), બોલતી વખતે હચકાવવું (stammering), પથારીમાં પેશાબ કરવો (bedwetting), માનસિક વિકાસ ધીમો થવો (dealy mental growth), બીકજ (fear), ચિંતા (anxiety, stress), ADHD, autism વગેરે, વગેરે પ્રકારની માંદગીઓ જોવા મળે છે અને ઘણીવાર doctor સારવાર માટે દવાઓ નથી આપી શકતા એમની ઉંમરને કારણે. બાળકોની આ બધી માંદગીઓ તથા બીજી બધી જ માંદગીઓ માટે હોમીયોપેથીમાં સારવાર છે અને રોગને જડમૂળથી મટાડવામાં મદદ કરે છે.

થોડીક આપણે બાળકોની સામાન્ય તકલીફો વિશે વાત કરીએ. ઘણીવાર બાળકને અમારી પાસે લવાય છે કારણ કે એને વારંવાર શરદી, ખાંસી થયા કરતા હોય છે. દર ૨-૩ મહિના થાય, વાતાવરણ બદલાય એટલે શરદી, ખાંસી, નાક બંધ થઈ જાય, શ્વાસ લેવામાં તકલીફ થાય અન બાળક ચિડચિડીયું થઈ જાય. doctor પાસે લઈ જાઓ તો ક્યાં તો tylenol આપવાનું કહે અથવા antibiotic, cough syrup લેવાનું કહે. પણ આ બધુ કરવાથી કામચલાઉ (temporary) રાહત મળે પણ થોડા સમય પછી પાછી આ જ તકલીફ ફરી શરૂ થાય. spring fall માં pollen અને ragweedના કારણે પણ allergyના લક્ષણો - શરદી, છીંક, નાક બંધ રહેવું, આંખમાં ખંજવાળ આવવી તથા લાલ થઈ જવી વગેરે થવા માંડે છે અને બાળકને allergyની દવા લેવી પડતી હોય છે. ઘણાને allergyની દવાથી પણ આરામ નથી મળતો હોતો અને માતા-પિતા નિસહાય બાળકને હેરાન થતો જોતા હોય છે. આવા બાળકોને હોમીયોપેથીક દવા આપવાથી એમને વારંવાર થતી તકલીફો ઓછી થવા માંડે છે અને સમય જતા બંધ



થઈ જાય છે. ઘણીવાર થોડો સમય સળંગ દવા લેવી પડે છે પણ એનું પરિણામ ઘણું સારું આવતું હોય છે.

અમુક બાળકોને માતા-પિતા અમારી પાસે લાવે છે કારણ કે doctor એ બાળકને દમ(asthma)નું નિદાન કર્યું હોય છે અને એની સારવારના ભાગરૂપે puffers આપ્યા હોય છે. માતા-પિતાને ખબર હોય છે કે puffersમાં cortisone (steroid) હોય છે અને તેથી તેઓ લાંબો સમય માટે બાળકને આપવા ઈચ્છુક નથી હોતા. puffersથી લક્ષણોમાં રાહત મળે છે પણ રોગ મટતો નથી. રોગ ત્યારે જ મટશે જ્યારે બાળકની રોગ પ્રતિકારક શક્તિ તંદુરસ્ત બનશે. આવા બાળકોને હોમીયોપેથીક દવા આપવાથી બાળકની રોગ પ્રતિકારક શક્તિ તંદુરસ્ત બનશે તથા એને શરદી, ખાંસી અને દમ(asthma)ના attack ઓછા થઈ જશે. અમે એવા કેટલા બાળકોના puffers છોડાવી દીધા છે.

ચામડીની તકલીફ અહીંના બાળકોમાં જોવા મળતી સૌથી સામાન્યમાંની એક છે. લગભગ દર ત્રીજા બાળકમાં ચામડીની તકલીફ - eczema વગેરે જોવા મળે છે. નવજાત (newborn) શીશુથી લઈ મોટી ઉંમરના બાળકોમાં આ તકલીફ જોવા મળે છે. ખાસ કરીને જ્યાં skinfold બને ત્યાં દા.ત. - ગરદન તથા ગળા ઉપર, કોણીelbowના foldમાં, ઘુંટણ (knee)ની પાછળ, બગલમાં (armpit) બહુ જ commonly જોવા મળે છે. Doctor પાસે જાઓ તો મલમ આપશે લગાવવા માટે. જેમાં હોય છે hydrocortisone (steroid), જે લગાવવાથી તરત રાહત મળી જશે પણ જેવું મલમ લગાવવાનું બંધ કરો એટલે થોડા સમય પછી પાછું પહેલા જેવું અથવા વધારે પ્રમાણમાં ચામડી પર અસર દેખાશે. અમારી પાસે ઘણા માતા-પિતા પોતાના બાળકને લઈને આવે છે જેમને ઘણા વખતથી ચામડીની તકલીફ હોય છે અને મલમ લગાવી કંટાળી ગયા હોય છે, એવા બાળકને પણ હોમીયોપેથીક દવા આપવાથી સારું થતું હોય છે.

પેટ-આંતરડાની તકલીફમાં અમારી પાસે એવા બાળકોને લાવવામાં આવે છે જેમને - કબજીયાત (constipation), ઝાડા (diarohoea), પેટનો દુખાવો (colic), prolapse anus, fissure વગેરે તકલીફો હોય છે અને એમને હોમીયોપેથીક દવાથી રાહત મળે છે.

જન્મપછી બાળકને જે તકલીફો થાયછે એમાં મહત્વની છે દાંત આવતી વખતે થતી શારીરિક (ઝાડા, કબજીયાત, eczema) અને માનસિક (ચીડીયાપણું, irritability, continuous crying) તકલીફ. અમને ઘણા parents કહેતા હોય છે કે અમે તો બાળકને દાંત આવવાના હોય એ પહેલાંથી જ હોમીયોપેથીક દવા શરૂ કરી દઈએ એટલે બાળકને તથા અમને કોઈ તકલીફ નહીં. આમ હોમીયોપેથીક દવા લેવાથી બાળકને દાંત વ્યવસ્થિત આવે, સમય પ્રમાણે આવે, તંદુરસ્ત આવે તથા બાળકને કોઈ પ્રકારની હેરાનગતિ નહીં થાય.

ઊંઘમાં પથારીમાં પેશાબ (bed wetting) કરવાની સમસ્યા ઘણા બાળકોમાં જોવા મળે છે. સામાન્ય રીતે બાળક ૨ વર્ષનું થાય ત્યાં સુધીમાં ઝાડા/પેશાબ ઉપરનો control આવી જાય છે, પણ જો ૨ વર્ષની ઉંમર પછી પણ બાળક પથારીમાં પેશાબ કરે તો એની સારવાર કરવી જોઈએ. એવું જોવામાં આવ્યું છે કે આવા બાળકોમાં બીક, low confidence, timidity વગેરે માનસિક અસર આ તકલીફને કારણે ઘર કરી જાય છે. ઘણી વાર માતા-પિતા આવા બાળકને ગુસ્સો કરે, મારે, ધમકાવે વગેરે કરે કે જેથી બાળક પથારીમાં પેશાબ કરતો બંધ થાય. પણ આવું કરવાથી bed wettingની તકલીફ બંધ નથી થતી, પણ બાળકના મગજ ઉપર ખરાબ અસર પડે છે. બાળક આ જાણી જોઈને નથી કરતો હોતો પણ એના control બહાર પેશાબ થઈ જાય છે. એટલે બાળકની સાથે શાંતિથી, સમજાવીને કામ લેવું. હોમીયોપેથીક દવા કરવાથી bed wettingની તકલીફ સારી થઈ શકે છે.

આ ઉપરાંત બાળકોનો માનસિક વિકાસ કરવા ADHD, autism, બાળકોમાં ડર (fear), ચિંતા (anxiety, stress) વગેરે અગણીત તકલીફો માટે હોમીયોપેથીમાં અક્સીર સારવાર ઉપલબ્ધ છે. ઘણીવાર અમને એવા વાલી મળે છે જે એમ કહે છે કે અમારા doctor એ કહ્યું કે આ રોગની કોઈ દવા નથી એટલે અમે સારવાર કરવાનું છોડી દીધુ. પણ જ્યારે અમને કોઈએ કહ્યું કે હોમીયોપેથીમાં આ રોગની સારવાર છે એટલે અમે તમારી પાસે આવ્યા છીએ.

અમારા લેખમાં અમે ઘણીવાર જણાવીએ છીએ કે હોમીયોપેથીમાં દરેક પ્રકારના રોગ માટે દવા મળી શકે છે. પણ એ ત્યારે જ ખબર પડશે જ્યારે તમે અમારી સાથે વાત કરશો, ચર્ચા કરશો. ધીરજ રાખી સારવાર કરવાથી અને અમારી આપેલી સલાહ પ્રમાણે કરવાથી, રોગને જડમૂળથી સારો કરવામાં જરૂર સારું પરિણામ મળી શકે છે.

આપ સહુના બાળકોની તંદુરસ્તીની શુભકામના સાથે વિરમું છું. નમસ્તે.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7.
[Hurontario + Dundas]
[Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2.
[Queen and Centre Street]
[Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4
[Markham road + Nashdene]
[Wednesday 4 pm to 7 pm]